જો વહેલી તકે રોડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં સત્તાધીશો ઉણા ઉતરશે તો ચૂંટણી બહિષ્કાર અને આંદોલનની ચીમકી

કલાલીના રહીશો રોડ રસ્તાની દયનીય સ્થિતિથી કંટાળ્યા, પાલિકા સામે રોષે ભરાયા

રોડ અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ, સ્માર્ટ સિટીના વાયદાઓના વચનબાજી સામે આક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

શહેરના કલાલી વિસ્તારના સ્વામી કુટીર સોસાયટીના રહીશોએ નબળી સડક વ્યવસ્થા સામે તીવ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. સામાન્ય વરસાદમાં જ સોસાયટીનો મુખ્ય રસ્તો ધોવાઈ જાય છે, જેથી લોકો ખૂબજ હેરાન થઈ રહ્યા છે. રહીશોનો આક્ષેપ છે કે, સ્માર્ટ સિટીની વાતો કરતું તંત્ર પ્રાથમિક જરૂરિયાત જેવી કે પાણી,રોડ-રસ્તાની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહ્યું છે.

સ્થાનિકોનું કહેવું છે કે રોડ અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો સતત અભાવ રહેતાં, સ્થાનિક વ્યક્તિઓને હોસ્પિટલ અને બાળકોને શાળાએ લઈ જવામાં મુશ્કેલી પડે છે. વારંવાર રજુઆત છતાંય વિકાસના નામે માત્ર વચન મળ્યાં છે, જ્યારે કાયમી ઉકેલ હજુ સુધી નથી મળ્યો. રહીશોએ ચીમકી ઉચ્ચારી કે, જો વહેલી તકે પાકા રસ્તાની સુવિધા નહીં મળે તો તેઓ આગામી ચૂંટણીનો બહિષ્કાર કરશે અને પાલિકા ખાતે આંદોલન કરશે. ભાજપના કાઉન્સિલર, અને કાર્યકર્તાએ પણ હવે સોસાયટીમાં પ્રવેશ ન અપાવાની ચીમકી રહેવાસીઓએ આપી છે. તંત્ર ક્યારે જાગશે અને વિકાસની વાસ્તવિકતા ક્યારે દેખાશે, તે પ્રશ્ન આજેય સ્પષ્ટ નથી.

SMCની દારૂની રેડમાં માત્ર PI જવાબદાર કેમ, એસીપી અને ડીસીપી સામે કેમ કોઈ કાર્યવાહી જ નહીં ?

વડોદરા શહેરમાં વિવિધ વિસ્તારોમાં બુટલેગરો દ્વારા છુપી રીતે દારૂ સપ્લાય કરવામાં આવે છે. ઉપરાંત ઘણા વિસ્તારોમાં ખુલ્લેઆમ દારૂ પણ વેચાતો હોય છે. વડોદરા શહેર પોલીસના ચારેય ઝોનમાં આ ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હોય છે. જેના પર ઘણીવાર સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેડ કરીને મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવતો હોય છે. ત્યારે જે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બહારની એજન્સી દારૂ પકડતી હોય છે, જેના માટે માત્ર સ્થાનિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરની જવાબદાર ગણવામાં આવે છે અને તેની બેદરકારી બદલ પીઆઈ સામે એક્શન લઈને સસ્પેન્ડનો હુકમ કરવામાં આવે છે. ત્યારે જ્યાંથી દારૂ પકડાયો તે પોલીસ સ્ટેશન જે ડિવિઝન તથા ઝોનમાં આવતું હોવા છતા તેના મદદનીશ પોલીસ કમિશનર તથા નાયબ પોલીસ કમિશનર સામે કોઈ એક્શન લેવામાં આવતા નથી. વડોદરા શહેરમાં જ અલગ અલગ જગ્યા SMC ની રેડમાં પોલીસ ઇન્સ્પેકટરને જ જવાબદાર ગણીને તેમના ઉપર કડક કાર્યવાહી કરવામાં આવતી હોય છે ,પરંતુ એસીપી અને ડીસીપી સામે કેમ પગલા ભરવામાં આવતા નથી ? અગાઉ પણ ઘણી રેડ થઈ જેમાં ઉચ્ચ અધિકારીઓ સામે કોઈ એક્શન લેવાયા ન હતા. તાજેતરમાં અઢી કરોડના ઝડપાયેલા વિદેશી દારૂના ગુનામાં પીઆઈને જ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પરંતુ એસીપી તેમજ ડીસીપીને જવાબદાર નહીં ગણી તેમની સામે કાર્યવાહી કરવામાં કેમ નિષ્ક્રિયતા દાખવવામાં આવી રહી છે તેને લઈને અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે.

● અધિકારીના પત્નીનો દબદબો, કર્મચારીઓ બન્યા નોકર !

વડોદરા મહાનગરમાં તાજેતરમાં આવેલા કેટલાક ઉચ્ચ અધિકારીઓ સતત ચર્ચાના કેન્દ્રમાં છે. શહેરના સુશાસન માટે આવેલા અધિકારીઓમાં કેટલાકની કામગીરી કરતાં વધુ તેમની વ્યક્તિગત પ્રક્રિયાઓ ચર્ચામાં રહી છે. અગાઉ એક અધિકારી પોતાની પ્રસિદ્ધિ કરવાને લઈને ચર્ચામાં હતા અને હાલ પણ છે. હવે અન્ય એક ઉચ્ચ અધિકારીના પત્ની પોતાના પતિના તાંબા નીચે કામ કરતા નાના કર્મચારીઓ પાસેથી ઘરકામ લેવડાવતા હોવાની ચર્ચા શહેરના તંત્રમાં ગૂંજાઈ રહી છે.

શાકભાજી લાવવી હોય કે કપડાં ધોવડાવવાનાં હોય બધા કામ અધિકારીના નહિ, પરંતુ તેમની પત્નીના હુકમથી કામદારો કરતા હોવાનું જાણવા મળ્યું છે. સંભાળની જગ્યાએ શોષણનો અનુભવ કરતા કેટલાક કર્મચારીઓએ પોતાની આ દુર્દશા પોતાના સાથીદારો સમક્ષ રજૂ કરી છે. મજબૂરીમાં કશું બોલી ન શકતા કર્મીઓને અધિકારીઓના આવા ઘરકામ કરવા પડી રહ્યા છે.

●વડોદરા શહેરના નેતાઓની કોર્પોરેશન તરફ કૂચ !

વડોદરા શહેર ભાજપના જ બે નેતાઓ કે જેઓ શહેરનું નેતૃત્વ ખૂબ સારી જગ્યાએ કરી રહ્યા છે તેઓને હવે કોર્પોરેશનમાં રસ જાગ્યો છે. પોતાના હદમાં આવતા કામો કરવાના છોડીને આ બે નેતાઓની શોલે ફિલ્મના જય-વીરુ સમાન જોડી હવે કોર્પોરેશનમાં દખલગિરી કરી રહ્યા છે. કોર્પોરેશનમાં ભાજપના જ કુલ પાંચ પદાધિકારીઓ છે તેમ છતાં આ બે નેતાઓ આ પાંચને પણ સાઈડ લાઈન કરી પોતાનો સિક્કો જમાવવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છે. આ જોડી કોર્પોરેશનના કામો, ટેન્ડર પ્રક્રિયાથી લઈ બ્યુરોક્રેસીમાં પણ પોતાના મૂળિયા નાખી રહી છે. મહત્વનું છે કે, નવી બનેલી જય-વીરુની જોડી આજકાલ રાજકીય વર્તુળોમાં એમાં પણ ખાસ કરીને ભાજપમાં ખૂબ ચર્ચામાં છે.

અકોટાના ક્લિનિકમાં રાત્રે 12 વાગે તસ્કરો ઘૂસ્યા

તસ્કરોને કંઈ ના મળ્યુ તો વાસણો અને બાથરૂમમાંથી નળ-ફુવારો કાઢી ગયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલી આશાપુરી સોસાયટીમાં રહેતા ડો. હરેશ રમાકાંત શાહ અકોટા ગાર્ડનની સામે વિહાર સોસાયટીમાં હાર્મની ક્લિનિક ચલાવે છે. ગત 20 જૂનના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ માટે દવાખાના મુખ્ય દરવાજાને લોક કરી પત્નિ સાથે ઘરે જતા રહ્યા હતા. રાત્રીના સાડા બારેક વાગ્યાની આસપાસ દવાખાનાની બાજુમા બ્યુટી પાર્લરમાં કામ કરતા ગીતાબેને ડોક્ટરની પત્નીના મોબાઈલ પર ફોન કરી જણાવ્યું હતું કે તમારા દવાખાનાની લાઈટો ચાલુ છે અને અંદર કોઈ ચોર હોય તેવું લાગે છે. જેથી ડોક્ટર દંપતી દવાખાને મોડી રાત્રીના 12:30 વાગ્યાના અરસામાં ગયા હતા ત્યારે દવાખાનાના મુખ્ય દરવાજાનું તાળું તુટેલું હતું અને દવાખાના અંદર તથા પહેલા માળે લાઈટો ચાલુ હતી. જેથી ક્લિનિકની પાછળના ભાગે આવેલા દાદરથી ઉપરના માળે રૂમમા ગયા હતા અને રૂમ ખોલી અંદર જઈને જતા તપાસ કરતા ક્લિનિકના ઉપરના રૂમમા મુકેલા કબાટમાંથી તાંબા પીતળ અને જર્મન સિલ્વરના જુના વાસણો ગાયબ હતા. બાદમા ક્લિનિકની ચાવી લઈ દરવાજાનું લોક ખોલી ચેક કરતા ડોક્ટર દંપતીના ઓપીડી રૂમનો સામાન વેર વીખેર હાલતમાં પડેલો હતો. ઓપીડી રૂમમા આવેલા બાથરૂમમાંથી સ્ટીલના ત્રણ નળ તથા એક ફુવારો કાઢી નાખેલો હતો. આમ તસ્કરો ડોક્ટર દંપતીએ ક્લિનિક બંધ કર્યાના ત્રણ કલાકમાં અરસામાં તાંબા પિત્તળના વાસણો, બાથરૂમમાં લગાવેલા સ્ટીલના ત્રણ નળ અને એક ફુવારો મળી રૂ. 52 હજારની મતાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. ડોક્ટરે અકોટા પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે તાત્કાલિક દોડી આવી કાર્યવાહી શરૂ કરી હતી.

અકોટા બ્રિજ નીચે વિશ્વામિત્રી નદી પાસે જોખમી વીજ થાંભલાઓ અકસ્માત સર્જે તેવી સ્થિતિમાં

ચોમાસામાં માટી ઢસી પડે તો વીજ થાંભલાઓ નદીમાં પડી જાય તો મોટું નુકસાન થવાની સાથે કિનારે જળચર પ્રાણીઓ અને મનુષ્યોને જોખમ ઊભું થાય તેવી ચિંતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરની મધ્યમાંથી વહેતી વિશ્વામિત્રી નદીના અકોટા બ્રિજ નજીક બે વીજ થાંભલાઓ જોખમી સ્થિતિમાં ઊભા છે. ચોમાસામાં માટી ગમેત્યારે ઢસી પડે તો આ થાંભલાઓ નદીમાં પડી જાય તેવી ભીતિ લોકો અને અધિકારીઓ વચ્ચે વ્યાપક રીતે વ્યક્ત થઈ રહી છે. આવા થાંભલાઓના નદીમાં પડવાથી મોટું નુકસાન થઈ શકે તેમ જ કિનારે રહેતા જળચર પ્રાણીઓ અને મનુષ્યોને જોખમ ઊભું થાય તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

ચોમાસામાં વિશ્વામિત્રી નદીમાં વારંવાર પૂર આવે છે, જેના કારણે નદી કિનારાની માટી ઢસી પડવાની ઘટનાઓ વધી જાય છે. આવી સ્થિતિમાં જોખમી વીજ થાંભલાઓની તાત્કાલિક કાર્યવાહી કરીને તેમને સુરક્ષિત સ્થળે ખસેડવી અથવા મજબૂત કરવા અત્યંત જરૂરી છે. નદી કિનારે મગર, કાચબા જેવા જળચર પ્રાણીઓનું નિવાસ છે, જેમને પણ આવી ઘટનાઓ થાય તો જોખમ ઊભું થાય અને મૃત્યુ પણ થઈ શકે છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિશ્વામિત્રી નદીની સફાઈ અને મજબૂતીકરણની કામગીરી ચાલી રહી છે, પરંતુ આવા જોખમી થાંભલાઓની તાત્કાલિક કાર્યવાહી ન થાય તો મોટા નુકસાનની ભીતિ લોકોમાં સેવાઈ રહિ છે. સ્થાનિક લોકો અને પર્યાવરણવાદીઓએ સંબંધિત વિભાગો પર આ મુદ્દે તાત્કાલિક પગલાં લેવા માટે દબાણ વધાર્યું છે.

માંજલપુર ઇવા મોલ નજીક કોર્પોરેશનના અધૂરા રોડના કામોના કારણે કાર ખાડામાં ફસાઈ

■ વડોદરા માંજલપુર EVA મોલ નજીક કોર્પોરેશન દ્વારા અધૂરા રહેલા રોડના કામોના કારણે એક વ્યક્તિની કારનો આગળનો ભાગ ખાડામાં ફસાઈ ગયો હતો. આ સમયે આસપાસના લોકોએ મળીને કારને બહાર કાઢવામાં મદદ કરી. આ ઘટના એ વડોદરા શહેરમાં થતા અધૂરા સાર્વજનિક કામોના કારણે નાગરિકોને થતી હાલાકીને ફરી એક વાર ઉજાગર કરી છે. સ્થાનિક લોકોની ફરિયાદ છે કે, પાલિકાના આવા અધૂરા કામોથી દરરોજ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

મહિલા પોલીસ કર્મી દ્વારા બિલ્ડર વિરુદ્ધ પાણીગેટ પો.સ્ટે.માં ફરિયાદ કરાઇ હતી

આઠ લાખની છેતરપિંડીના કેસમાં બિલ્ડરના આગોતરા જામીન મંજૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

મહિલા એ.એસ.આઈ.ના મકાન બાંધકામ બાબતે મહિલા એ.એસ. આઈ.દ્વારા શહેરના બિલ્ડર વિરુદ્ધ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી, વિશ્વાસઘાત ની ફોજદારી કાર્યવાહી કરવા માટેની ફરિયાદ નોંધાવી હતી.આ કેસમાં બિલ્ડર તરફે ધારાશાસ્ત્રી કાંતિલાલ મેહેરિયા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 ની કલમ 482 હેઠળ આગોતરા જામીન અરજી અંગેની રજૂઆત કરવામાં આવી હતી જેને ગ્રાહ્ય રાખી 13 મા વધારાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં બિલ્ડરના રૂ.25,000 ના વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમના જામીનગીરી ભરવા અને કોર્ટની શરતો નું પાલન કરવા સાથે આગોતરા જામીન મંજૂર કરાયા છે.

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા પરિવાર ચારરસ્તા નજીક મહિલા એ.એસ.આઇ ના પ્લોટ પર મકાન બાંધકામ માટે શહેરના જાણીતા બિલ્ડર ભાવીન ચંદુભાઈ શાહ રહે. 13, રાજેશ્વરી રેસિડેન્સી,વાલમ હોલ પાસે,હરણીરોડ વડોદરા સાથે કુલ રૂ. 11,45,000 માં કામ નક્કી કરવામાં આવ્યું હતું જેમાંથી ત્રણ હપ્તામાં એટલે કે રૂ.1,00,000, રૂ.2,00,000 અને રૂ.5,00,000 મળીને કુલ રૂ 8,00,000 બિલ્ડરને ચેક તથા બેન્ક ટ્રાન્ફર થકી આપવામાં આવ્યા હતા જેની સામે બિલ્ડર ભાવિન શાહ દ્વારા પાયાથી ખોદકામ શરૂ કરી મકાન બાંધકામ કામગીરી કરી હતી પરંતુ ત્યારબાદ મહિલા એ.એસ.આઈ. દ્વારા બિલ્ડર ભાવિન શાહ વિરુદ્ધ પરિવાર ખાતે પોલીસ ચોકીમાં જે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં આવે છે ત્યાં રૂ.8 લાખની છેતરપિંડી/વિશ્વાસઘાત અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી હતી

જાહેર માર્ગ પર અવરજવર કરતા લોકોના જીવ પડીકે બંધાયા

કૃણાલ ચાર રસ્તા પાસે કારચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત

ઝોમેટોનો ડિલિવરી બોય ઈજાગ્રસ્ત,અન્ય વાહનોને પણ અડફેટે લીધા

(પ્રતિનિધિ)વડોદરા,તા.22

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા કૃણાલ ચાર રસ્તા પાસે ઓવર સ્પીડમાં ફોર્ચ્યુનરના કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા zomato ના ડિલિવરી બોય સાથે અન્ય વાહનોને પણ અડફેટમાં લેતા અન્ય લોકોના જીવ પડીકે બંધાયા હતા.

વડોદરા શહેરમાં દિવસેને દિવસે અકસ્માતોના બનાવવામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, તેવામાં રવિવારે બપોરના સુમારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા કૃનાલ ચાર રસ્તા પાસે વિચિત્ર અકસ્માતો સર્જાયો હતો એક ફોર્ચ્યુનર ગાડીના ચાલકે ઓવર સ્પીડમાં ડિવાઈડર કુદાવીને સામેથી પસાર થઈ રહેલા zomatoના ડિલિવરી બોયને ટક્કર મારી હતી.

જે બાદ અન્ય વાહનોને ટક્કર માર્યા પછી કાર ઝાડ સાથે ઘૂસી ગઈ હતી. સર્જાયેલા અકસ્માતમાં zomatoના ડિલિવરી બોયને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે 108 મારફતે ખસેડવામાં આવ્યો છે. જ્યારે અકસ્માત સર્જાતા ઘટના સ્થળે લોક ટોળા ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતા જ લક્ષ્મીપુરા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

એસ.એસ.જી.ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમ યોજાયો

સંત નિરંકારી મિશન દ્વારા 'નારી સંત સમાગમ'નું આયોજન

વિવિધ શહેરોમાંથી 700 જેટલી બહેનોએ ભાગ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

નારી શક્તિ એટલે સમાજ માટે મહત્વની તાકાત છે. એક નારી બે ઘરોને તારે છે. પોતાના માતાપિતાને ત્યાં દીકરી જન્મે છે જ્યાં પોતે માતા પિતાના સંસ્કારોનું ગ્રહણ કરે છે અને લગ્ન કરીને સાસરે ગયા બાદ પોતાના બાળકોને સંસ્કાર અને શિક્ષાના સંસ્કાર આપે છે સાથે જ ગૃહસ્થ જીવન થકી સાસરીમાં પણ પોતાનું કર્તવ્ય નિભાવે છે આજે નારી શિક્ષા, ઉધ્યોગ, સૈન્ય,હવાઈ, નૌકાદળ, સાંસ્કુતિક, તમામ ક્ષેત્રે આગળ વધી છે. જેના થકી નારી શક્તિ સાચા અર્થમાં શક્તિસ્વરૂપા તરીકે આગળ છે. સંત નિરંકારી મિશન દ્વારા નારીના આ સંસ્કારોને આગળ લાવવા માટે માર્ગદર્શન અને પ્રેરણા આપી છે. આજરોજ સંત નિરંકારી મિશન દ્વારા શહેરના એસ.એસ. જી.હોસ્પિટલના ઓડિટોરિયમ ખાતે 'નારી સંત સમાગમ'નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા ઝોન 31 ના મહિલાઓ સહિત અલગ અલગ જગ્યાએથી જેમાં વલ્લભ વિદ્યાનગર, ભરૂચ, અંકલેશ્વર, રાજપીપળા, વડોદરા સહિતના શહેરોમાંથી સાતસો જેટલી બહેનોએ ભાગ લીધો હતો. ગીત,કવિતાઓ, પ્રવચનો થકી પોતાના સંસ્કારો સાથેની વિચારસરણી રજૂ કરી હતી.

ન.પ્રા.શિક્ષણ સમિતિના ચોથા વર્ગના કર્મચારીઓ અડીખમ

હડતાળના 19માં દિવસે આજે પાલિકામાં સૂત્રોચાર કરી વિરોધ નોંધાવશે

છેલ્લા ઘણા સમયથી અનેક વખત રજૂઆત આંદોલન કરી ચૂક્યા છે પણ પરિણામ શૂન્ય

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા મહાનગર પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથા વર્ગના કર્મચારીઓ કાયમી કરવાની માંગ સાથે છેલ્લા 18 દિવસથી હડતાળ પર ઉતર્યા છે.

અત્યાર સુધી કોઈ હકારાત્મક નિરાકરણ નહીં આવતા આજે સોમવારે ફરી એક વખત પાલિકાની સામાન્ય સભા હોય 150 થી વધુ કર્મચારીઓ એકત્ર થઈ બેનર પોસ્ટર લઈ કાયમી કરવાનો પ્રશ્ન સભામાં લઈને મંજુર કરવાની માંગ સાથે પાલિકામાં સૂત્રોચાર કરી વિરોધ નોંધાવશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથા વર્ગના કર્મચારીઓ ત્રીસ વર્ષ ઉપરાંતથી ફરજ બજાવે છે. 570 જેટલા કર્મચારીઓ પૈકી કેટલાક નિવૃત્તિ પામ્યા તો કેટલાકના અવસાન થયા છે. બાકીના કર્મચારીઓ ન્યાયની માંગ સાથે છેલ્લા ઘણા સમયથી અનેક વખત રજૂઆત આંદોલન કરી ચૂક્યા છે.

પરંતુ આજ દિન સુધી આ કર્મચારીઓને કાયમી કરવામાં નહીં આવતા ગત પાંચમી તારીખથી આ કર્મચારીઓ હડતાલના માર્ગે ઉતર્યા છે. હડતાલના 19માં દિવસે સોમવારે સાંજે 4 કલાકે કોર્પોરેશન ખાતે સામન્ય સભા હોય 150 થી 200 જેટલા નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચોથાવર્ગ ના કર્મચારીઓ કાયમી કરવાનો પ્રશ્ન સભામાં લઈને મંજુર કરવા માટે પોસ્ટર ,બેનર, સાથે સૂત્રોચાર કરી વિરોધ નોંધાવશે.

વડોદરા મહાનગર દ્વારા નમો કમલમ ખાતે" પ્રાર્થનાસભા યોજાઇ

વિજયભાઈ રૂપાણી સહિત તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વિમાન દુર્ઘટનામાં અવસાન પામનાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત મૃતકોને ભાજપા મહાનગર દ્વારા હદય પૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

તાજેતરમાં અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત અનેક નાગરિકો હતાહત થયા હતા. સ્વર્ગસ્થોના માનમા ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા " નમો કમલમ ખાતે" શ્રદ્ધાંજલિ અર્પણ કરવા પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના સભામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, વૈષ્ણવ સંપ્રદાયના મહંતો, શહેર પ્રમુખ ડો. જયપ્રકાશભાઈ સોની, વિધાનસભાના દંડકશ્રી. બાલકૃષ્ણભાઈ શુક્લ, મેયર પિન્કીબેન સોની, ચેરમેન ડો.શીતલ મિસ્ત્રી, ડેપ્યુટી મેયરસહિત તમામ જૂના /નવા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

યોગનિકેતન દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો

"સપ્તગ્રહ નમસ્કાર" સાથે સાધકોએ યોગાભ્યાસ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરામાં પરંપરાગત યોગ શીખવવા માટે સમર્પિત અગ્રણી સંસ્થા યોગનિકેતન દ્વારા ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી બ્રહ્મમુહૂર્તમાં તેના વિશિષ્ટ "સપ્તગ્રહ નમસ્કાર" કાર્યક્રમ સાથે કરવામાં આવી. છેલ્લા બે વર્ષથી, ફતેહગંજ સ્થિત યોગનિકેતન સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ - આ સાત ગ્રહો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે યોગ મુદ્રાઓની આ અનોખી શૃંખલાનો ઉપયોગ કરી રહ્યું છે.

"સપ્તગ્રહ નમસ્કાર" શૃંખલામાં સૂર્ય નમસ્કાર, ચંદ્ર નમસ્કાર, મંગળ નમસ્કાર, બુધ નમસ્કાર, ગુરુ નમસ્કાર, શુક્ર નમસ્કાર અને શનિ નમસ્કાર સહિત કાળજીપૂર્વક રચાયેલા યોગ ક્રમનો સમાવેશ થાય છે. આ વ્યાપક અભ્યાસમાં આશરે ૧૮૦ યોગાસનોનો સમાવેશ થાય છે. આ વર્ષે, ૨૦૦ થી વધુ સહભાગીઓ આ "અનોખા સપ્તગ્રહ નમસ્કાર" ના સાત ચક્ર કરવા માટે એકસાથે જોડાયા હતા.

બ્રહ્મમુહૂર્તમાં આયોજિત આ કાર્યક્રમ યોગનિકેતનની પરંપરાગત યોગ પ્રથાઓને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પ્રત્યેના તેમના નવીન અભિગમને દર્શાવે છે.